## પુણા વિસ્તારમાંથી નશાયુકત પદાર્થ (મેફેડ્રોન નામનુ પ્રતિબંધિત ડ્રગ્સ) ની હેરાફેરી કરતા બે ઈસમોને ડ્રગ્સ વજન ૧૦૦ ગ્રામ કિં.રૂ.૫,૦૦,૦૦૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી. ટીમ.

સુરત શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચઢે તથા નશાયુકત પદાર્થનુ વેચાણ અટકાવવા તથા આવી ગેરકાયદેસરની પ્રવૃત્તિ વિરૂધ્ધના કેશો શોધી કાઢવા સ્પેશ્યલ ડ્રાઈવનુ આયોજન કરેલ હોય, તે દરમ્યાન એસ.ઓ.જી. ના પોલીસ માણસોને બાતમી આધારે હકિકત મળેલ કે, પુણા સરદાર માર્કેટના આઉટ ગેટથી પશ્ચિમે આવેલ સરદાર પેલેસની સામે જાહેર રોડ ઉપર ખાતે વોચ ગોઠવી આરોપી (૧) મુસ્તફા જોહર વાણા ઉ.વ.૩૬ રહે.મકાન નં.૪/૪૭૨૯, તૈયબી મહોલ્લો, જુની બુરહાની હોસ્પિટલ પાસે, ઝાંપાબજાર, મહિધરપુરા, સુરત (૨) ઈમ્તીયાઝ ઉર્ફે લાલા s/o ફિરોજ મલેક ઉ.વ. 30 રહે.ફ્લેટ નં.૧૦૪, બુરહાની એપાર્ટ. ઘર નં.૪/૪૭૪૭, જુની બુરહાની હોસ્પિટલની પાછળ, તૈયબી મહોલ્લો, ઝાંપાબજાર, મહિધરપુરા, સુરત નાઓને પ્રતિબંધિત મેફેડ્રોન ડ્રગ્સ વજન ૧૦૦ ગ્રામ કિં.રૂ. ૫,૦૦,૦૦૦/-, ટુ-વ્હીલર ગાડી નં.GJ-05-SQ 4628 કિં.રૂ. ૫૦,૦૦૦/-, મોબાઈલ ફોન નંગ-03 કિં.રૂ.30,000/- મળી કુલ કિં.રૂ.૫,૮૦,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી ડ્રગ્સનો જથ્થો મંગાવનાર તથા આપનાર ઈસમો મળી કુલ-0૪ ને વોન્ટેડ જાહેર કરી તમામ આરોપીઓ વિરૂધ્ધમાં NDPS એકટ મુજબ ગુનો રજીસ્ટર કરી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

ગુનાહિત ઈતિહાસ:-

આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે લાલા s/o ફિરોજ મલેક નાનો સને-૨૦૧૯માં ૩૯ ગ્રામ ડ્રગ્સ સાથે પકડાયેલ છે.